

મહિલા સશક્તિકરણ - ગાંધીનગર ખાતે રાજ્ય સરકાર દ્વારા પ્રેરિત મહિલા પખવાડિયાનો પ્રારંભ મહિલા સશક્તિકરણ પરેડ અને સન્માન સમારોહ દ્વારા થયો હતો. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહિલા પોલીસ અને મહિલા એન.સી.સી. વીંગની સલામી ઝીલી હતી અને ગાંધીનગર અને રાજ્ય કક્ષાએ વિશિષ્ટ પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરાયું હતું. નગરના શ્રેષ્ઠ પૂર્વ શિક્ષીકા ઈન્દુબેન નિમાવત, અર્જુન એવૉર્ડ વિજેતા પારૂલ પરમાર તથા મહિલા સ્વીમર મહેરૂનિશા ભાઈજીનું સન્માન કરાયું હતું. સિદ્ધિ પ્રાપ્ત દિકરીઓનું પણ મુખ્યમંત્રીના વરદ હસ્તે અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે ગૃહ સચિવ શ્રી એસ. કે. નંદા, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન શ્રી અશોક ભાવસાર, ધારાસભ્યો સર્વશ્રી શંભુજી ઠાકોર અને અશોક પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરની ગઈકાલનો કોઈ ઈતિહાસ નથી તે જ મોટો ઈતિહાસ છે

## દસ ગામોને ભાંગી, કોતરો પુરીને ૫૦ કિમીના વિસ્તારમાં વસેલા ગાંધીનગરની ગઈકાલ તરફ એક નજર

ગાંધીનગર,તા.૧

ગાંધીનગરની સ્થાપનાને ૪૯ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે ૫૦માં સ્થાપનાદિનની ઉજવણી માટે નગરજનો ઉત્સુક બન્યા છે. પાટનગરનો દરજ્જો ધરાવતા અને ગાંધીના નામે ઓળખાતા ગાંધીનગરનો કોઈ ઈતિહાસ નથી તે જ ઈતિહાસ છે તેવી સ્થિતિ છે. દશ ગામોને ભાંગી કોતરો પુરીને ૫૦ કિમી ના વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલા ગાંધીનગરની ગઈ કાલ પણ ધ્યાન આકર્ષે તેવી છે.

એક જમાનામાં ગાંધીનગરની આંબાવાડીઓમાં કેસર કેરીનો મબલખ પાક લહેરાતો હતો. કેરી, જાંબુ અને ગુંદા મફતમાં મળી રહેતા... સાબરમતી નદીમાં બારેય માસ પાણી વહેતું... સેક્ટરોમાં એસટીની સીટી બસ દોડતી હતી... અનેક સુવિધાઓ વચ્ચે ઘણી ખરી દુવિધાઓ પણ દેખા દેતી હતી. તેવા સમયે શહેરમાં મનોરંજન અને મૃત્યુ જાણે વિસરાઈ ગયા હતા. અલબત્ત મનોરંજન લક્ષી કાર્યક્રમો માટે કોઈ થીયેટર કે રંગમંચ ન હતા તો બીજી તરફ અંતિમ સંસ્કાર માટે સ્મશાનની વ્યવસ્થા પણ ન હતી. પ્રખર વિદ્વાન કે. કા. શાસ્ત્રીએ તેવા સમયે તેમ પણ જણાવ્યું હતું કે શહેરમાં સ્મશાન નથી માટે ગાંધીનગરાઓ અમર રહેશે. શહેરમાં વસવાટ થયા બાદ પ્રથમ મૃત્યુ થતા પેથાપુર ચોકડી પાસે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તા.૨ ઓગષ્ટ ૧૯૬૫ના રોજ જીઈબી થર્મલ પાવર સ્ટેશનની કોલોનીમાં સ્થિત અતિથીગૃહના મકાનમાં પાયામાં ગાંધીનગરની -થમ ઈંટ મુકાઈ હતી. ત્યાર બાદ ૭૦ના દાયકામાં ગાંધીનગરમાં ધીમે ધીમે વધતા વસવાટની સાથે નાગરિકો માટે જરૂરી સુવિધાઓ ઉભી કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સે-૨૧ ની લાયબ્રેરીના સામે સિવિલ હોસ્પિટલ કાર્યરત હતી. જયારે હાલની લાયબ્રેરી સે-૨૨ના સરકારી આવાસમાં કાર્યરત હતી. લાયબ્રેરીની



● અનુસંધાન પાન-૭ પર

# વરસાદનો સાચો તાગ મળતો નથી આંકડામાં અસમંજસભરી સ્થિતિ

## કન્ટ્રોલરૂમ, વોટર ડેટા સેન્ટર બધે અલગ-અલગ આંકડા : સંકલનના અભાવ વચ્ચે ડામાડોળ સ્થિતિ

ગાંધીનગર, તા. ૩૧

પાટનગરમાં જ વરસાદની સ્થિતિનો સાચો તાગ મળતો નથી. વરસાદની આંકડાકીય માહિતી માટે જો સ્ટેટ કે વૉટર ડેટા સેન્ટર પર મદાર રાખીએ તો માથુ ખંજવાળવાનો વારો આવે છે. જ્યારે કલેક્ટર કચેરીમાં કાર્યરત જિલ્લા કન્ટ્રોલ રૂમ પણ કોઈક અલગ જ આંકડા બતાવે છે. જેના પરિણામે ક્યાં કેટલો વરસાદ થયો તેની સચોટ માહિતી પુરી પાડવાના બદલે અસમંજસભરી સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે પણ આ ત્રણેય ઠેકાણેથી અલગ-અલગ આંકડાકીય માહિતી પ્રાપ્ત થઈ હતી. અલબત્ત જિલ્લાકક્ષાના કન્ટ્રોલ રૂમ ઉપર પણ કોઈનો કન્ટ્રોલ નથી ! વરસાદની સ્થિતિનો તાગ મેળવવા કાર્યરત આ ડેટા સેન્ટરોમાં કોમ્યુનિકેશનના અભાવે ડામાડોળ સ્થિતિ છે. જેના પરિણામે અખબારોમાં પણ વરસાદની આંકડાકીય માહિતીમાં સમાનતા જોવા મળતી નથી. જો કે જિલ્લા કન્ટ્રોલરૂમ કે ડેટા સેનટ્રકક્ષાએથી સલામત સ્થિતિનો તાગ મેળવતા ઉચ્ચ અધિકારીઓ પણ જાગૃત ન હોવાનું સ્પષ્ટ થયું છે. ગઈકાલના વરસાદના અંતે પણ ત્રણેય સેન્ટરોમાં અલગ-અલગ આંકડા બયાન થયા હતા. જિલ્લા કલેક્ટરનો કંટ્રોલરૂમ પણ આ મામલે સજાગ અને એક્ટીવ મોડમાં નથી. આખરે જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ થયો તે અંગેની સ્પષ્ટ માહિતી સરકારી ચોપડે પણ અસંમજસભરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જિલ્લા કન્ટ્રોલરૂમ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર તેમજ તાપમાન વિભાગમાંથી વરસાદના અલગ-અલગ આંકડા રજૂ થાય છે. જાણે બધુ રામભરોસે હોય તેમ લાગી રહ્યું છે.

# આજકાલ હાઈટેક બનતા નગરની આવતીકાલ વધુ સમૃદ્ધ બની રહેશે



## ઈન્ફોસીટી, ગીફ્ટસીટી સહિતના પ્રોજેક્ટ ગાંધીનગરને બિઝનેસ હબનું બિરૂદ આપશે : શિક્ષણ અને રોજગારીની તકો વધશે : અસ્તિત્વમાં આવેલા ન્યુ-ગાંધીનગરના લીધે નગરની સરકારી નગરીની બીબાઢાળ ઓળખ ભૂંસાઈ જશે

ગાંધીનગર,તા.૧

વિકાસની હરણફાળ ભરતા ગાંધીનગરના અસ્તિત્વને પાંચ દાયકા જેટલો સમય થઈ ગયો છે. ત્યારે ખેતરોના સીમાડામાંથી હાઈટેક સીટી તરીકે ઉભરતા ગાંધીનગરની આવતી કાલ ઘણી ઉજ્જવળ ભાસી રહી છે. ગાંધીનગર-અમદાવાદ ટવીન સિટીના દરજ્જા તરફ આગળ વધતા વિકાસના નવા આયામો ગાંધીનગરની કઈક નવી જ ઓળખ ઉભી કરશે. શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં અસ્તિત્વમાં આવતા ન્યુ ગાંધીનગરના લીધે નગરની બીબાઢાળ ઓળખ ભુંસાઈ જશે અને ગાંધીનગરની આવતી કાલ આમ નાગરિકોના શમણાઓ સાકાર કરે તેવી ચોક્કસ હશે.

દાયકાઓ પૂર્વે સે-૧ થી ૩૦ માં પથરાયેલા ગાંધીનગરમાં માળખાગત સુવિધાઓ મજબુત કરાયા બાદ અનેકવિધ વિકાસ યોજનાઓ પરિપૂર્ણ થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# દ્વારકામાં આભ ફાટયું : ૧૩ ઈંચ વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૪ તાલુકામાં વરસાદ : કેશોદમાં પણ ૧૨ ઈંચ જેટલો વરસાદ

ગાંધીનગર, તા.૧

દક્ષિણ ઉત્તર ગુજરાત બાદ હવે સૌરાષ્ટ્રમાં મેઘાએ મન મુકીને પધરામણી કરી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દ્વારકા અને કેશોદમાં ૧૩ ઈંચ જેટલો ભારે વરસાદ પડતા આભ ફાટયું હતું. દ્વારકા, કેશોદ અને સોમનાથમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થઈ જવા પામ્યા હતાં.

રાજ્ય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૦ જિલ્લાના ૧૬૪ તાલુકાઓમાં વરસાદ થવા પામ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં ૩૩૧ મીમી. એટલે કે ૧૩ ઈંચ જેટલો ભારે વરસાદ થવા પામ્યો છે. ભાણવડમાં ૮૪ મી.મી., કલ્યાણપુરમાં ૯૦ મી.મી., ખંભાળીયામાં ૮૯ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે.

આ ઉપરાંત જુનાગઢ જિલ્લાના કેશોદમાં ૩૨૦, જુનાગઢમાં ૧૭૭, જુનાગઢ શહેરમાં ૧૭૭ મી.મી., માળીયામાં ૧૫૨ મી.મી., માણાવદરમાં ૧૦૩ મી.મી., માંગરોળમાં ૧૮૧ મી.મી., મેદરડામાં ૧૩૨ મી.મી., વંથલીમાં ૧૩૨ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે. જયારે ગીર-સોમનાથમાં ૬ મી.મી., કોડીનારમાં ૧૮૫ મી.મી., સૂત્રાપાડામાં ૨૩૬ મી.મી., વેરાવળમાં ૧૬૨ મી.મી.

● અનુસંધાન પાન-૭ પર


Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

જોઈએ છે
ડ્રાઈવર
જોઈએ છે
એસ. વી. ચતુર્વેદી
મો. : ૯૮૭૯૬૮૧૦૧૯

ભાડે આપવાનું છે
સેક્ટર-૨૬, જી.આઈ.ડી.સી., વિડીયોકોનની પાછળ, કુલ-૪૨૦૦ ચો. ફુટ હોલ(કારપેટ) ૩૦ એચ.પી. લાઈટ કનેક્શન સાથે, ગોડાઉન તથા ઈન્ડસ્ટીઝ માટે
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮


## ટુંકી મુદતની જાહેર નિવિદા

એકતા રખીયાલ ગ્રામ્ય સખી સંઘ, તા. દહેગામ, C/o. રખીયાલ ગ્રામ પંચાયત, ફોન નં. ૯૮૭૯૪૦૩૦૮૫ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામ માટે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની તથા પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ ગ્રામ પંચાયત, રખીયાલના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત સંસ્થાનો રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજિત રકમ<br>૨. ટેન્ડર ફી<br>૩. ઈ.એમ.ડી. | ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ અને સમય | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧. | રખીયાલ તા. દહેગામ મુકામે ટી.એચ.આર. (ટેક હોમ રેશન) પ્રોજેક્ટ માટે મકાન/શેડ બાંધકાનું કામ. | ૧. રૂ. ૧૧.૭૦ લાખ<br>૨. રૂ. ૯૦૦.૦૦<br>૩. રૂ. ૧,૧૭,૦૦૦ | તા. ૮-૮-૧૪ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી | તા. ૧૨-૮-૧૪ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |

● ઈ.એમ.ડી.ની એફ.ડી.આર. એકતા રખીયાલ ગ્રામ્ય સખી સંઘ, તા. દહેગામના નામની આપવાની રહેશે.
● ઈ.એમ.ડી.ની એફ.ડી.આર. ટેન્ડર સાથે બીડવાની રહેશે.


ગાંધીનગર મહાનગરપાલીકાના સહયોગથી
ગાંધીનગર શહેરની સ્થાપનાની સુવર્ણ જયંતિ નિમિત્તે
સમયસર આંખની તપાસ નહી કરાવવાના કારણે ઘણા દર્દીઓએ પોતાની આંખો ગુમાવી છે.
શું આપે આપની આંખનું ચેકઅપ કરાવી લીધું છે ??????
સૌજન્ય :-
શ્રી મહેન્દ્રસિંહ રાણા (મેયરશ્રી)
શ્રી આશિષભાઈ દવે (ચેરમેનશ્રી)
શ્રી સુભાષભાઈ પાંડવ (ડેપ્યુટી મેયરશ્રી)
શ્રી મનુભાઈ પટેલ (નેતાશ્રી)
In Association With
તેજ આઈ સેન્ટર
ડો. તેજલ દલાલ
૯૦૧/૧, સેક્ટર-૭/સી, 'ઘ' રોડ, મેઈન બસ ડેપો પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૦૭.
ફોન: ૦૭૯-૨૩૨ ૪૫૧૨૬, મો. ૯૯૨૪૦ ૮૮૫૦૦
www.tejeyecenter.com | info@tejeyecenter.com
કલોલ | દહેગામ | માણસા
ફ્રી આઈ ચેકઅપ અને ડાયાબીટીસ કેમ્પ
તારીખ : ૨ ઓગષ્ટ ૨૦૧૪, શનિવાર
સેક્ટર : ૨ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, મેઈન શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર - ૨.
સેક્ટર : ૭ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : તેજ આઈ સેન્ટર, ૯૦૧/૧, બસ ડેપો સામે, સેક્ટર - ૭ સી.
સેક્ટર : ૨૧ / સમય : સવારે ૦૯:૩૦ થી ૧૧:૩૦ / સ્થળ : સરકારી દવાખાનું, શાકમાર્કેટ સામે, સેક્ટર - ૨૧.
સેક્ટર : ૨૪ / સમય : બપોરે ૦૧:૦૦ થી ૦૩:૦૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, શાકમાર્કેટની બાજુમાં, સેક્ટર - ૨૪.
સેક્ટર : ૨૯ / સમય : બપોરે ૦૧:૦૦ થી ૦૩:૦૦ / સ્થળ : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર, પ્રાથમીક સ્કુલની બાજુમાં, સેક્ટર - ૨૯.
સેક્ટર : ૨૬ / સમય : સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ / સ્થળ : સદ્‌ભાવના ગાર્ડન, ન્યુ ટીનસીટી, ડી-માર્ટ પાછળ, સેક્ટર - ૨૬.
સૌજન્ય :- તેજ આઈ ફાઉન્ડેશન

ભાડે આપવાનું છે
(ઈન્ડસ્ટ્રીઝ તથા ગોડાઉન માટે)
પ્લોટ નં. ૧૦૧/૧/૪, પ્રાઈમ લોકેશન, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, સેક્ટર-૨૮ના બગીચાની સામે, બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, કુલ ૫૧૦૦ ચો.ફૂટ (કારપેટ) જલારામ આઈસની સામે, ઉમા વે-બ્રીજના ખાંચામાં
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com